# GUJARATI TRANSLATION of the Department for Education statutory guidance for schools and colleges:

## Keeping children safe in education 2021

## Part one: Information for all school and college staff

## September 2021

Find KCSIE Part 1 and also Annex A translated into 12 community languages at kcsietranslate.lgfl.net

NB this translation goes up to and includes the diagram on page 20 on the original.

Department for Education

# 2021 માં શિક્ષણમાં બાળકોને સુરક્ષિત રાખવા

## શાળાઓ અને કોલેજો માટે વૈધાનિક માર્ગદર્શન

## ભાગ એક: શાળા અને કોલેજના બધા કર્મચારીઓ માટે માહિતી

## સપ્ટેમ્બર 2021

# વિષયવસ્તુ


સારાંશ 4

આ માર્ગદર્શન વિશે 4

ભાગ એક: બધા કર્મચારીઓ માટે સુરક્ષાત્મક માહિતી 5

શાળા અને કોલેજના કર્મચારીઓએ શું જાણવું જોઈએ અને કરવું જોઈએ 5

જો કોઈ બાળક વિશે તેમને ચિંતા હોય તો શાળા અને કોલેજ કર્મચારીઓએ શું કરવું જોઈએ 17

શાળા અથવા કોલેજની અંદર જો સુરક્ષાત્મક પગલાં સંબંધિત વ્યવહારો અંગે ચિંતા હોય તો શાળા અથવા કોલેજ કર્મચારીઓ શું કરવું જોઈએ 23

## સારાંશ

બાળકોને શિક્ષણમાં સુરક્ષિત રાખવા તે એક વૈધાનિક માર્ગદર્શન છે જેનું અનુપાલન કરવું ઇંગ્લેંડમાં શાળા અને કોલેજો માટે જયારે તેઓ બાળકોના કલ્યાણને પ્રોત્સાહન આપવા અને સુરક્ષા માટે તેમની ફરજ નિભાવી રહ્યા હોય ત્યારે કરવું અનિવાર્ય છે.

બાળકોના કલ્યાણની સુરક્ષા કરવી અને તેને પ્રોત્સાહન આપવું તે
**દરેકની** જવાબદારી છે. શાળા અને કોલેજના અગ્રણીઓએ અને તેવા કર્મચારીઓ જે બાળકો સાથે સીધી રીતે કાર્ય કરે છે તેઓએ માર્ગદર્શનનો ઓછામાં ઓછો ભાગ એક વાંચવો જોઈએ.

સંચાલક મંડળો અને માલિકો, તેમની વરિષ્ઠ નેતૃત્વ ટીમો અને ખાસ કરીને તેમની નિયુક્ત રક્ષણાત્મક નેતૃત્વ સાથે કામ કરતાએ સુનિશ્ચિત કરવું જોઈએ કે જે કર્મચારીઓ બાળકો સાથે સીધા કામ કરતા નથી તેઓ ભાગ એક અથવા પરિશિષ્ટ A (ભાગ એકનું કન્ડેન્સ્ડ વર્ઝન) દસ્તાવેજનું સંપૂર્ણ વર્ઝન વાંચવું જોઈએ. આ સંપૂર્ણપણે શાળા અથવા કોલેજની બાબત છે અને તેમના કર્મચારીઓ માટે બાળકોના કલ્યાણને સુરક્ષિત કરવા અને પ્રોત્સાહન આપવા માટે કયા માર્ગદર્શન સૌથી અસરકારક રહેશે તેના મૂલ્યાંકન પર આધારિત હશે.

KCSIE નું પૂરું વર્ઝન અહીં મળી શકે છે: Keeping children safe in education - GOV.UK (www.gov.uk)

## આ માર્ગદર્શન વિશે

અમે પૂર્ણ માર્ગદર્શનમાં "**આવશ્યક**" અને "**જોઈએ**" શબ્દોનો ઉપયોગ કર્યો છે. અમે "**આવશ્યક**" શબ્દનો ઉપયોગ જ્યારે પ્રશ્નમાં રહેલી વ્યક્તિને કાયદેસર રીતે કંઇક કરવાની જરૂર હોય અને "**જોઈએ**" જ્યાં સુધી કોઈ સારું કારણ ન હોય ત્યાં સુધી કોઈ નિર્ધારિત સલાહનું પાલન કરવું જોઈએ ત્યારે કર્યો છે.

# ભાગ એક: બધા કર્મચારીઓ માટે સુરક્ષાત્મક માહિતી

## શાળા અને કોલેજના કર્મચારીઓએ શું જાણવું જોઈએ અને કરવું જોઈએ

### સુરક્ષાત્મક પગલાં પ્રત્યે એક બાળક કેન્દ્રિત અને સમન્વયિત અભિગમ

1. શાળાઓ અને કોલેજો અને તેમના કર્મચારીઓ બાળકો માટેની વ્યાપક સુરક્ષાત્મક વ્યવસ્થાનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આ પ્રણાલી વૈધાનિક માર્ગદર્શનમાં વર્ણવેલ છે બાળકોની સુરક્ષા કરવા માટે એકસાથે કાર્ય કરવું.

2. બાળકોના કલ્યાણની સુરક્ષા કરવી અને તેને પ્રોત્સાહન આપવું તે દરેકની જવાબદારી છે. દરેક વ્યક્તિ જે બાળકો અને તેમના પરિવારો સાથે સંપર્કમાં આવે છે તેમણે એક ભૂમિકા ભજવવાની હોય છે. આ જવાબદારીને અસરકારક રીતે પરિપૂર્ણ કરવા માટે, બધા પ્રેક્ટિશનરોએ ખાતરી કરવી જોઈએ કે તેમનો અભિગમ બાળક-કેન્દ્રિત છે. આનો અર્થ તે છે કે, હંમેશા તેમણે બાળકના શ્રેષ્ઠ હિતમાં શું છે તે ધ્યાનમાં લેવું જોઈએ.

3. કોઈપણ એક પ્રેક્ટિશનરને બાળકની જરૂરિયાતો અને સંજોગોનું સંપૂર્ણ ચિત્ર ખબર હોઈ શકે નહીં. જો બાળકો અને પરિવારોએ યોગ્ય સમયે યોગ્ય મદદ પ્રાપ્ત કરવી હોય તો, દરેક વ્યક્તિ જે તેમની સાથે સંપર્કમાં આવે તેમણે, ચિંતાઓ ઓળખવામાં, માહિતી શેર કરવામાં, અને તાત્કાલિક પગલાં લેવામાં એક ભૂમિકા ભજવવાની હોય છે.

4. બાળકોના કલ્યાણને સુરક્ષા અને પ્રોત્સાહન પૂરા પાડવા તે આ માર્ગદર્શનના ઉદ્દેશ્યો માટે નીચે મુજબ વ્યાખ્યાયિત છે:

- બાળકોનું દુર્વ્યવહારથી રક્ષણ કરવું;
- બાળકોના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય અથવા વિકાસને નુકશાન થતું અટકાવવું;
- સલામત અને અસરકારક સંભાળની જોગવાઈ સાથે સુસંગત પરિસ્થિતિઓમાં બાળકો મોટા થાય તે સુનિશ્ચિત કરવું; અને
- તમામ બાળકોને શ્રેષ્ઠ પરિણામો મળે તે શક્ય બનાવવા માટે પગલાં લેવા.

5. બાળકોમાં 18 વર્ષથી ઓછી ઉંમરના દરેક શામેલ થાય છે.

### શાળા અને કોલેજના કર્મચારીઓની ભૂમિકા

6. શાળા અને કોલેજ કર્મચારીઓ ખાસ કરીને મહત્વપૂર્ણ છે કારણ કે તેઓ ચિંતાઓને વહેલી ઓળખવાની સ્થિતિમાં છે, બાળકોને મદદ કરે છે અને ચિંતાઓને વધતી અટકાવે છે.

7. બધા કર્મચારીઓની જવાબદારી છે કે બાળકો શીખી શકે તેવું સલામત વાતાવરણ પ્રદાન કરવું.

8. **બધા** કર્મચારીઓએ તૈયાર રહેવું જોઈએ જેથી પ્રારંભિક સહાયથી લાભ મેળવી શકે તેવા બાળકોને ઓળખી શકાય.[1] વહેલી મદદ એટલે તેમના ઘડતરના વર્ષોથી લઇને કિશોરવયના વર્ષો સુધી, બાળકના જીવનમાં કોઈપણ સમયે જયારે સમસ્યા ઊભી થાય ત્યારે બને તેટલી વહેલી સહાય પ્રદાન કરવી.

9. **કોઈપણ કર્મચારી સભ્ય** જેઓ બાળકના કલ્યાણ વિશે ચિંતા કરે છે તેમણે ફકરા 55-70 માં સૂચિત રેફરલ પ્રક્રિયાઓને અનુસરવી જોઈએ. કર્મચારીઓએ કોઈ પણ રેફરલ પછી સામાજિક કાર્યકરો અને અન્ય એજન્સીઓને આધાર પૂરો પાડવાની અપેક્ષા રાખવી જોઈએ.

10. દરેક શાળા અને કોલેજમાં નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની હોવી જોઈએ જે કર્મચારીઓને તેમની સુરક્ષાત્મક ફરજો હાથ ધરવા માટે સહાય કરશે અને જે બાળકોની સામાજિક સંભાળ જેવી અન્ય સેવાઓની વચ્ચે સઘન સહકાર સ્થાપશે.

11. નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અને કોઈપણ ડેપ્યુટીઝ) પાસે સંપૂર્ણ સુરક્ષાત્મક ચિત્ર હોવાનું અને સુરક્ષાત્મક ચિંતાઓ માટેના પ્રતિભાવ અંગે સલાહ આપવા માટે સૌથી યોગ્ય વ્યક્તિ હોવા સંભવિત છે.

12. શિક્ષકોના માનકો 2012 જણાવે છે કે શિક્ષકોએ (જેમાં હેડટીચર શામેલ છે) બાળકોની સુખાકારીને સુરક્ષિત રાખવી જોઈએ અને વ્યવસાયિક ફરજોના ભાગરૂપે અધ્યાપન વ્યવસાયમાં જાહેર વિશ્વાસ જાળવવો જોઈએ.[2]

## શાળા અને કોલેજના કર્મચારીઓએ શું જાણવાની જરૂર છે

13. **તમામ** કર્મચારીઓ તેમની શાળા અથવા કોલેજની અંદરની પ્રણાલીઓથી પરિચિત હોવા જોઈએ જે સુરક્ષાત્મક પગલાંઓને સહાય કરતાં હોય અને કર્મચારીઓની નિયુક્તિના ભાગ રૂપે આ તેમને સમજાવવું જોઈએ. આમાં શામેલ હોવી જોઈએ:

- બાળ સુરક્ષા નીતિ, જેમાં અન્ય બાબતોમાં સહવિદ્યાર્થી દ્વારા સહવિદ્યાર્થી પર અત્યાચાર સાથે વ્યવહાર કરવાની નીતિ અને પ્રક્રિયાઓ પણ શામેલ હોવી જોઈએ;

---

[1] વહેલી મદદ વિશેની વિગતવાર માહિતી Working Together to Safeguard Children (બાળકોની સુરક્ષા માટે સાથે મળી કામ કરવું)ના પ્રકરણ 1 માં મળી શકે છે.

[2] Teachers' Standards (શિક્ષકોના માનકો) આના પર લાગુ પડે છે: QTS પ્રત્યે કામ કરતા તાલીમાર્થીઓ; તેમની વૈધાનિક ઇન્ડક્શન અવધિ પૂર્ણ કરનારા બધા શિક્ષકો (નવા યોગ્ય શિક્ષકો [NQTs]); અને સુસ્થાપિત વિશિષ્ટ શાળાઓ જે શિક્ષણ (શાળા શિક્ષકોના મૂલ્યાંકન) (ઇંગ્લેન્ડ) રેગ્યુલેશન્સ 2012 ને આધીન છે સહિત સુસ્થાપિત શાળાઓમાં શિક્ષકો.

- વર્તણૂક નીતિ (જેમાં સાયબર ધમકી, ભ્રષ્ટાચાર અને ભેદભાવપૂર્ણ દાદાગીરી-બુલિઇંગ), સહિત ગુંડાગીરી અટકાવવાનાં પગલાં શામેલ હોવા જોઈએ);[3]
- કર્મચારીઓ વર્તણૂક નીતિ (કેટલીક વાર આચાર સંહિતા તરીકે ઓળખાય છે);
- શિક્ષણમાંથી ગુમ થતા બાળકો પ્રત્યે સુરક્ષાત્મક પ્રતિભાવ; અને
- નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની અને કોઈપણ ડેપ્યુટીઝની ઓળખ સહિત)ની ભૂમિકા.

નીતિઓની નકલો અને સંપૂર્ણ દસ્તાવેજની ભાગ એકની નકલ (અથવા જો યોગ્ય હોય તો) **તમામ** કર્મચારીઓને ઇન્ડક્શન સમયે પ્રદાન કરવી જોઈએ.

14. **તમામ** કર્મચારીઓને યોગ્ય સુરક્ષાત્મક અને બાળ સંરક્ષણ તાલીમ (ઓનલાઇન રક્ષણ સહિત) પ્રાપ્ત થવી જોઈએ જે નિયમિતપણે અપડેટ કરવામાં આવતી હોય. તાલીમ નિયમિતપણે અપડેટ થવી જોઈએ. આ ઉપરાંત, સુરક્ષા અને બાળ સુરક્ષા (ઓનલાઇન સલામતી સહિત) અપડેટ્સ (ઉદાહરણ તરીકે, ઇમેઇલ, ઇ-બુલેટિન અને કર્મચારીઓની મીટિંગ્સ દ્વારા), આવશ્યકતા મુજબ, અને ઓછામાં ઓછા વાર્ષિક ધોરણે, તેમને સંબંધિત કુશળતા અને જ્ઞાન પ્રદાન કરવા માટે પ્રાપ્ત થવું જોઈએ.

15. **તમામ** કર્મચારીઓને તેમની સ્થાનિક વહેલી મદદની પ્રક્રિયાની જાણ હોવી જોઈએ[4] અને તેમાં તેમની ભૂમિકા સમજવી જોઈએ.

16. **તમામ** કર્મચારીઓને આવી આકારણીઓમાં તેમણે જે ભૂમિકા ભજવવાનું અપેક્ષિત હોઈ શકે તેની સાથે બાળકોની સામાજિક સંભાળ માટે અને બાળ અધિનિયમ 1989 હેઠળ વૈધાનિક આકારણીઓ માટે રેફરલ્સ બનાવવા માટેની પ્રક્રિયાની જાણ હોવી જોઈએ, ખાસ કરીને કલમ 17 (જરૂરિયાતમંદ બાળકો) અને કલમ 47 (પીડિત અથવા સંભવિત રૂપે નોંધપાત્ર નુકસાન સહન કરનાર બાળક) હેઠળ જે રેફરલને અનુસરે છે.[5]

17. **તમામ** કર્મચારીઓને ખબર હોવી જોઈએ કે જો કોઈ બાળક તમને કહે કે તેમની સાથે દુર્વ્યવહાર કરવામાં આવે છે અથવા તેમની ઉપેક્ષા કરવામાં આવે છે તો શું કરવું જોઈએ. યોગ્ય સ્તરની ગોપનીયતા જાળવવાની જરૂરિયાતને કેવી રીતે સંચાલિત કરવી તેની કર્મચારીઓને ખબર

---

[3] તમામ શાળાઓમાં વ્યવહાર નીતિ હોવી જરૂરી છે (સંપૂર્ણ વિગતો અહીં). જો કોલેજ અથવા વ્યવહાર નીતિ અપનાવવાનું પસંદ કરે છે તો તે ઉપર વર્ણવ્યા અનુસાર કર્મચારીઓને પૂરી પાડવામાં આવવી જોઈએ.

[4] વહેલી મદદ વિશેની વિગતવાર માહિતી Working Together to Safeguard Children (બાળકોની સુરક્ષા માટે સાથે મળી કામય કરવું)ના પ્રકરણ 1 માં મળી શકે છે.

[5] વૈધાનિક આકારણીઓ વિશેની વિગતવાર માહિતી પ્રકરણ 1માં મળી શકે છે Working Together to Safeguard Children (બાળકોની સુરક્ષા માટે સાથે મળી કામ કરવું).

હોવી જોઈએ. આનો અર્થ એ છે કે ફક્ત એ જ લોકોને સમાવિષ્ટ કરવા જેમને સમાવિષ્ટ કરવા જરૂરી હોય, જેમ કે નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) અને બાળકોની સામાજિક સંભાળ. કર્મચારીઓએ ક્યારેય બાળકને વચન આપવું જોઈએ નહીં કે તેઓ અત્યાચારના રિપોર્ટ વિશે કોઈને કશું કહેશે નહીં, કારણકે આખરે આ બાળકના શ્રેષ્ઠ હિતમાં ન હોઈ શકે.

18. તમામ કર્મચારીઓ પીડિતોની સમસ્યાને ગંભીરતાથી લેવામાં આવી રહ્યા છે અને તેમને ટેકો આપવામાં આવી રહ્યો છે અને સુરક્ષિત રાખવામાં આવી રહ્યું છે તેવા આશ્વાસન આપવા માટે સક્ષમ હોવા જોઈએ . પીડિતની ક્યારેય એવી છાપ ન બનાવવી જોઈએ કે તેઓ અત્યાચાર, જાતીય હિંસા અથવા જાતીય સતામણીની જાણ કરીને સમસ્યા પેદા કરી રહ્યા છે. તેમજ જાણ કરવા માટે પીડિતએ ક્યારેય શરમ અનુભવવી ન જોઈએ.

## શાળા અને કોલેજના કર્મચારીઓએ શેનું ધ્યાન રાખવું જોઈએ

### વહેલી મદદ

19. **કોઈપણ** બાળક વહેલી મદદથી લાભ મેળવી શકે છે, પરંતુ શાળા અને કોલેજના બધા કર્મચારીઓએ ખાસ કરીને તેવા બાળક માટે વહેલી મદદની સંભવિત જરૂરિયાત વિશે સાવધ રહેવું જોઈએ જે:

- અક્ષમ છે અથવા ચોક્કસ સ્વાસ્થ્ય સ્થિતિઓ ધરાવે છે અને ચોક્કસ વધારાની જરૂરિયાતો ધરાવે છે;
- ખાસ શૈક્ષણિક જરૂરિયાતો ધરાવે છે (તેમની પાસે વૈધાનિક શિક્ષણ, સ્વાસ્થ્ય અને સંભાળ યોજના હોય કે નહીં);
- માનસિક સ્વાસ્થ્યની જરૂરિયાત છે;
- એક યુવાન સંભાળ રાખનાર છે;
- ગેંગ સંડોવણી અને સંગઠિત અપરાધી જૂથ સંકળાયેલ અથવા કાઉન્ટી લાઇન્સ હોવાની સાથે સમાજ-વિરોધી અથવા ગુનાહિત વર્તણૂકમાં દોરાઈ જવાના સંકેતો દર્શાવે છે;
- સંભાળ અથવા ઘરેથી વારંવાર ગુમ થયેલ હોય છે/ગુમ થઈ જાય છે;
- તેને આધુનિક ગુલામી, ટ્રાફિકિંગ (વેપાર) અથવા ગુનાહિત શોષણના જોખમ છે;
- કટ્ટરતા અથવા શોષણના જોખમ છે;
- જેલમાં પરિવારનો સભ્ય છે, અથવા માતાપિતાના અપમાનથી પ્રભાવિત છે;
- તેવી પરિવારની પરિસ્થિતિઓમાં ઘેરાયેલો છે જે બાળક માટે પડકારો રજૂ કરે છે, જેમ કે ડ્રગ અને દારૂના દુરૂપયોગ, પુખ્ત માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ અને ઘરેલુ અત્યાચાર;
- જે પોતે કેફી દ્રવ્યો અથવા આલ્કોહોલનો દુરૂપયોગ કરી રહ્યા હોય;

- જે કેર (સંભાળ) થી ઘરે પાછા ફર્યા હોય;
- સ્ત્રી જનનાંગ વિચ્છેદન અથવા બળજબરીથી લગ્ન જેવા 'સન્માન' આધારિત દુરુપયોગનું જોખમ છે;
- ખાનગી પણે અન્ય દ્વારા ઉછેરાયેલું (ફૉસ્ટર) બાળક હોય; અને
- શાળાના દિવસની સતત ગેરહાજરી સહિત શિક્ષણથી સતત ગેરહાજર રહે છે.

### અત્યાચાર અને ઉપેક્ષા

20. **તમામ** કર્મચારીઓ અત્યાચાર અને ઉપેક્ષાના સૂચકાંકોથી પરિચિત હોવા જોઈએ. અત્યાચાર અને ઉપેક્ષાની પ્રારંભિક ઓળખ માટે શું જોવું જોઈએ (ફકરા 26-30 જુઓ) તે જાણવું, અને બાળકોના ગુનાહિત શોષણ અને બાળ જાતીય શોષણ જેવા ચોક્કસ સુરક્ષા સમસ્યાઓ માટે (ફકરા 32-39 જુઓ) જેથી કર્મચારીઓ કેસની અને એવા બાળકો કે જેમને મદદ અથવા રક્ષણની જરૂર હોય તેમની ઓળખ કરી શકે.

21. જો કર્મચારીઓ અચોક્કસ હોય, તો તેઓએ **હંમેશાં** નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) સાથે વાત કરવી જોઈએ.

22. **બધા** શાળા અને કોલેજ કર્મચારીઓને એ વાતની જાણ હોવી જોઈએ કે અત્યાચાર, ઉપેક્ષા અને સુરક્ષા સંબંધી મુદ્દાઓ ભાગ્યે જ એકલ ઘટનાઓ છે જેને એક વ્યાખ્યા અથવા લેબલ દ્વારા આવરી શકાય છે. મોટાભાગના કિસ્સાઓમાં, બહુવિધ મુદ્દાઓ એકબીજા સાથે ઓવરલેપ થશે એટલે કર્મચારીઓએ હંમેશા સતર્ક રહેવું જોઈએ અને હંમેશાં નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) સાથે વાત કરવી જોઈએ.

23. **બધા** કર્મચારીઓ જાગૃત હોવા જોઈએ કે સુરક્ષાત્મક ઘટનાઓ અને/અથવા વર્તણૂકો શાળા અથવા કોલેજની બહારના પરિબળો સાથે સંકળાયેલી હોઈ શકે છે અને/અથવા આ વાતાવરણની બહારના બાળકો વચ્ચે સર્જાઈ શકે છે. **બધા** કર્મચારીઓ, ખાસ કરીને સુરક્ષાને લગતા પદાધિકારી (અને ડેપ્યુટી) એ બાળકોને તેમના પરિવારોની બહારની પરિસ્થિતિઓમાં દુરૂપયોગ અથવા શોષણનું જોખમ તો નથી ને તે જોવું જોઈએ. વધુ પડતું કૌટુંબિક નુકશાન જુદા જુદા સ્વરૂપ લે છે અને બાળકો જાતીય શોષણ, ગુનાહિત શોષણ અને ગંભીર હિંસા સહિત (પરંતુ મર્યાદિત નથી) ભારે નુકસાન પહોંચાડી શકે છે.

24. **તમામ** કર્મચારીને જાણ હોવી જોઈએ કે ઘણા રક્ષણ અને સુખાકારીના મુદ્દાઓમાં ટેકનોલોજી એક મહત્વપૂર્ણ ઘટક છે. બાળકો ઓનલાઈન તેમજ રૂબરૂ અત્યાચારનું જોખમ ધરાવે છે. ઘણા કિસ્સાઓમાં અત્યાચાર ઓનલાઈન ચેનલો અને દૈનિક જીવનમાં એક સાથે થઈ શકે છે. બાળકો તેમના સાથીઓ પર ઓનલાઇન અત્યાચાર પણ કરી શકે છે, આ અપમાનજનક, સતામણી કરનાર અને ખોટાં સંદેશાઓનું સ્વરૂપ લઈ શકે છે, અભદ્ર છબીઓ, ખાસ કરીને ચેટ ગ્રુપમાં, અને જેઓ

આવી સામગ્રી પ્રાપ્ત ન કરવા માંગતા હોય તેમને અપમાનજનક તસવીરો અને પોર્નોગ્રાફી શેર કરવું.

25. તમામ સંજોગોમાં, જો કર્મચારીઓ અચોક્કસ હોય, તો તેઓએ હંમેશાં નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) સાથે વાત કરવી જોઈએ.

## અત્યાચાર અને ઉપેક્ષાના સૂચકાંકો

26. **અત્યાચાર**: બાળક સાથેના દુર્વ્યવહારનો એક પ્રકાર. કોઈક હાનિ કરીને અથવા હાનિને થતી રોકવા માટે કાર્ય કરવામાં નિષ્ફળતા મેળવીને બાળક સાથે અત્યાચાર અથવા ઉપેક્ષા કરી શકે છે. બાળકો સાથે તેમના પરિવારમાં અથવા સંસ્થાકીય અથવા સમુદાયની વ્યવસ્થામાં લોકો જેમને તેઓ ઓળખે છે અથવા ભાગ્યે જ, અન્ય લોકો દ્વારા અત્યાચાર થઈ શકે છે. અત્યાચાર સંપૂર્ણ ઓનલાઇન થઈ શકે છે અથવા ઓફલાઇન અત્યાચારને સરળ બનાવવા માટે તકનીકનો ઉપયોગ થઈ શકે છે. બાળકો, વયસ્ક અથવા વયસ્કો અથવા બીજા બાળક અથવા બાળકો દ્વારા અત્યાચારનો ભોગ બની શકે છે.

27. **શારિરીક અત્યાચાર**: અત્યાચારનો એક પ્રકાર જેમાં બાળકને શારિરીક હાનિ પહોંચાડવી, મારવું , ઝંઝોડવું, ફેંકવું, ઝેર આપવું, દઝાડવું અથવા ગરમ પાણીથી કે વરાળથી દઝાડવું, ડુબાડવું, ગૂંગળાવવું અથવા અન્ય શામેલ થઈ શકે છે. જ્યારે માતાપિતા અથવા સંભાળકર્તા બાળકમાં માંદગીના લક્ષણો અંગે બનાવટ કરે છે અથવા ઇરાદાપૂર્વક માંદગીના લક્ષણો પેદા કરે છે ત્યારે પણ શારીરિક હાનિ પણ થઈ શકે છે.

28. **ભાવનાત્મક અત્યાચાર**: બાળકના ભાવનાત્મક વિકાસ પર ગંભીર અને પ્રતિકૂળ અસરો કરવા માટે બાળક સાથે સતત ભાવનાત્મક દુર્વ્યવહાર. તેમાં બાળકોને, તેઓ નકામા અથવા અપ્રિય, અપર્યાપ્ત, અથવા તે અન્ય વ્યક્તિની જરૂરિયાતોને પૂરી કરે છે તેથી જ તેમની કિંમત છે, તેવું અભિવ્યક્ત કરવાનો આશય સમાવિષ્ટ હોઈ શકે છે. તેમાં તેમના વિચારો વ્યક્ત કરવા બાળકને તકો ન આપવાનું, ઇરાદાપૂર્વક તેમને ચૂપ કરવા અથવા તેઓ જે કહે છે તે અથવા તેઓ કેવી રીતે વાતચીત કરે છે તે વિશે 'મજાક બનાવવાનું' સમાવિષ્ટ હોઈ શકે છે. તે બાળકો પર લાદવામાં આવતી ઉંમર અથવા વિકાસ સંબંધી અયોગ્ય અપેક્ષાઓ દર્શાવે છે. આમાં એવી ક્રિયાપ્રતિક્રિયાઓ શામેલ હોઈ શકે છે કે જે બાળકની વિકાસ સંબંધી ક્ષમતાની બહાર હોય, તેમજ વધુ પડતું સંરક્ષણ અને સંશોધન અને શીખવાની મર્યાદા અથવા બાળકને સામાન્ય સામાજિક ક્રિયાપ્રતિક્રિયામાં ભાગ લેતા અટકાવવું સમાવિષ્ટ હોઈ શકે છે. તેમાં બીજા પર થતા દુર્વ્યવહારને જોવા અથવા સાંભળવા સમાવિષ્ટ હોઈ શકે છે. તેમાં ગંભીર દાદાગીરી (બુલિઇંગ) (સાયબર દાદાગીરી સહિત), જેના કારણે બાળકો વારંવાર ડર અથવા જોખમ અનુભવે છે અથવા બાળકોનું શોષણ અથવા ભ્રષ્ટાચાર સમાવિષ્ટ હોઈ શકે છે. બાળકના તમામ પ્રકારના દુર્વ્યવહારમાં કેટલીક હદે ભાવનાત્મક અત્યાચાર સામેલ હોય છે, જો કે દુર્વ્યવહાર એકલો પણ થઈ શકે છે.

29. **જાતીય અત્યાચાર**: જાતીય પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે બાળક અથવા યુવાન વ્યક્તિને ફરજ પાડવી અથવા લલચાવવું, શામેલ છે, તે જરૂરી નથી કે તેમાં ઉચ્ચ સ્તરની હિંસા શામેલ હોય, શું થઈ રહ્યું છે તેની જાણ બાળક ને હોય અથવા ન પણ હોય. આ પ્રવૃત્તિઓમાં શારીરિક સંપર્ક સામેલ હોઈ શકે છે, જેમાં ભેદન (પેનેટ્રેશન) દ્વારા હુમલો (ઉદાહરણ તરીકે બળાત્કાર અથવા મૌખિક સંભોગ) અથવા હસ્તમૈથુન, ચુંબન, રબિંગ અને કપડા બહાર સ્પર્શ જેવી ગેરભેદન (નોન-પેનેટ્રેટિવ) સંબંધિત પ્રવૃત્તિઓ શામેલ હોઈ શકે છે. તેમાં બિન-સંપર્ક પ્રવૃત્તિઓ શામેલ હોઈ શકે છે, જેમ કે બાળકોને જોવા, અથવા જાતીય ચિત્રોના નિર્માણમાં, જાતીય પ્રવૃત્તિઓ જોવા, બાળકોને જાતીય રીતે અનુચિત રીતે વર્તવા પ્રોત્સાહિત કરવા અથવા અત્યાચારની તૈયારીમાં બાળકને તાલીમ આપવાનો સમાવેશ થાય છે. જાતીય અત્યાચાર ઓનલાઇન થઈ શકે છે અને ઑફલાઇન અત્યાચારને સરળ બનાવવા માટે તકનીકનો ઉપયોગ કરી શકાય છે. જાતીય અત્યાચાર ફક્ત વયસ્ક નર દ્વારા જ આચરવામાં આવે તેવું જરૂરી નથી. સ્ત્રીઓ પણ જાતીય અત્યાચારના કૃત્યો કરી શકે છે, તે પ્રમાણે અન્ય બાળકો પણ કરી શકે છે. અન્ય બાળકો દ્વારા બાળકોનો જાતીય અત્યાચાર શિક્ષણમાં ચોક્કસ રક્ષણાત્મક મુદ્દો છે (જેને સહવિદ્યાર્થીનો સહવિદ્યાર્થી પર અત્યાચાર તરીકે પણ ઓળખવામાં આવે છે) અને **તમામ** કર્મચારીઓને તેની અને તેની શાળા અથવા કૉલેજની નીતિ અને તેની સાથે વ્યવહાર (ફકરો 49 જુઓ ) કરવા માટેની પ્રક્રિયાઓથી વાકેફ હોવા જોઈએ.

30. **ઉપેક્ષા**: બાળકના સ્વાસ્થ્ય અને/અથવા મનોવૈજ્ઞાનિક જરૂરિયાતોને પહોંચી વળવા સતત નિષ્ફળતા, જે બાળકના આરોગ્ય અથવા વિકાસની ગંભીર ક્ષતિમાં પરિણમી શકે છે. ગર્ભાવસ્થા દરમિયાન ઉપેક્ષા થઇ શકે છે, ઉદાહરણ તરીકે, ગર્ભાવસ્થા દરમિયાન કેફી દ્રવ્યોના દુરૂપયોગના પરિણામે. એકવાર બાળકનો જન્મ થાય તે પછી: પૂરતું ભોજન, કપડાં અને આશ્રય (ઘરમાંથી બહાર કાઢી નાખવું અથવા ત્યજી દેવું) પ્રદાન કરવામાં; શારીરિક અને ભાવનાત્મક હાનિ અથવા જોખમથી બાળકને સુરક્ષિત કરવા; પર્યાપ્ત નિરીક્ષણની ખાતરી કરવામાં (સંભાળકર્તાઓના અપર્યાપ્ત ઉપયોગ સહિત); અથવા યોગ્ય તબીબી સંભાળ અથવા સારવારની પહોંચની ખાતરી આપવામાં માતાપિતા અથવા સંભાળકર્તાની નિષ્ફળતા; ઉપેક્ષામાં સમાવિષ્ટ થાય છે. તેમાં બાળકની મૂળભૂત ભાવનાત્મક જરૂરિયાતોની ઉપેક્ષા, અથવા તેના પ્રત્યે બિનપ્રતિભાવ પણ શામેલ હોઈ શકે છે.

## સુરક્ષાત્મક મુદ્દાઓ

31. **તમામ** કર્મચારીઓને એવા સુરક્ષાત્મક મુદ્દાઓ વિશે જાગૃતિ હોવી જોઈએ જે બાળકોને હાનિના જોખમમાં મૂકી શકે. ડ્રગ લેવા, દારૂનો દુરૂપયોગ, ઇરાદાપૂર્વક ભણતરનો ત્યાગ કરવો અને

નગ્ન અને અર્ધ નગ્ન છબીઓ અને/અથવા વિડીયો[6] સહમતિથી અને બિન-સહમતિથી શેર કરવા જેવા મુદ્દાથી જોડાયેલી વર્તણૂક બાળકોને જોખમમાં મૂકે છે. અન્ય સુરક્ષાના મુદ્દાઓ કે જેની તમામ સ્ટાફને જાણ હોવા જોઈએ તેમાં સામેલ છે:

## ચિલ્ડ્રન સેકસુઅલ એક્સપ્લોઇટેશન (બાળ જાતીય શોષણ) (CSE) અને ચિલ્ડ્રન ક્રિમીનલ એક્સપ્લોઇટેશન (બાળ ગુનાહિત શોષણ) (CCE)

32. CSE અને CCE બંને શોષણના પ્રકારો છે અને તે બંને જ્યાં કોઈ વ્યક્તિ અથવા સમૂહ જાતીય અથવા ગુનાહિત પ્રવૃત્તિમાં કોઈ બાળકને બળજબરી કરવા કે તેની સાથે ચેડાં કરવા અથવા તેને પજવવા માટે સત્તામાં અસંતુલનનો લાભ લે છે પીડિતની જરૂરિયાત અથવા ઇચ્છિત વસ્તુના બદલામાં, અને/અથવા નાણાંકીય લાભ માટે અથવા ગુનેગાર અથવા સુવિધા આપનારની સ્થિતિ અને/અથવા હિંસા અથવા હિંસાની ધમકી દ્વારા સર્જાય છે. CSE અને CCE બાળકો, નર અને માદા બંનેને અસર કરી શકે છે અને શોષણના હેતુથી ખસેડવામાં આવેલા (સામાન્ય રીતે ટ્રાફિકિંગ (વેપાર કરવો) તરીકે ઓળખાતા) બાળકોનો સમાવેશ કરી શકે છે.

## ચાઇલ્ડ ક્રિમીનલ એક્સપ્લોઇટેશન (બાળ જાતીય શોષણ) (CCE)

33. CCE ના કેટલાક વિશિષ્ટ સ્વરૂપોમાં બાળકોને કાઉન્ટી લાઈન મારફતે દવાઓ અથવા પૈસાની હેરફેર, ગાંજાની ફેક્ટરીઓમાં કામ કરવું, દુકાનદારી અથવા ખિસ્સા કાપવું શામેલ હોઈ શકે છે. તેમની સાથે વાહનનો ગુનો કરવા અથવા અન્ય લોકોને ગંભીર ધમકી આપવા/ગંભીર હિંસા કરવા માટે બળજબરી કરવામાં આવી શકે છે.

34. બાળકો આ પ્રકારના શોષણમાં ફસાઈ શકે છે કારણ કે ગુનેગારો પીડિતો (અને તેમના પરિવારો) ને હિંસાની ધમકી આપી શકે છે, અથવા તેમને ફસાવી દેવા માટે બળજબરી કરી શકે છે. તેઓ છરીઓ જેવા હથિયારો લેવા બળજબરી કરી શકે છે અથવા અન્ય લોકોથી રક્ષણની ભાવના માટે છરી લઈ જવાનું શરૂ કરી શકે છે. ગુનાહિત શોષણમાં શામેલ બાળકો ઘણીવાર જાતે જ ગુના કરે છે, તેથી પીડિતો તરીકે તેમની નબળાઈ હંમેશા વયસ્ક લોકો અને વ્યાવસાયિકો (ખાસ કરીને મોટા બાળકો) દ્વારા ઓળખવામાં આવતી નથી, અને તેમને અનુભવાયેલા નુકસાન હોવા છતાં તેમને પીડિત તરીકે ગણવામાં આવતા નથી. બની શકે છે કે તેમનું હજી પણ ગુનાહિત રીતે શોષણ

[6] સંમતિપૂર્ણ છબીઓ ઇમેજ શેરિંગ, ખાસ કરીને સમાન વયના મોટા બાળકો વચ્ચે, એક અલગ પ્રતિભાવની જરૂર પડી શકે છે. તે અપમાનજનક ન હોઈ શકે- પરંતુ બાળકોને હજુ પણ જાણવાની જરૂર છે કે તે ગેરકાયદેસર છે- જ્યારે સહમતિ વિના ગેરકાયદેસર અને અપમાનજનક છે. UKCIS નગ્ન અને અર્ધ નગ્ન છબીઓ અને વીડિયો શેર કરવા વિશે વિસ્તૃત સલાહ પ્રદાન કરે છે.

કરવામાં આવ્યું હોય, પછી ભલે તે પ્રવૃત્તિ એવી લાગે કે તેઓ તેનાથી સંમત હોય અથવા સંમતિ આપી હોય.

35. જે છોકરીઓનું ગુનાહિત શોષણ થાય છે તેનો અનુભવ છોકરાઓ કરતા ઘણો અલગ હોઈ શકે છે તે વાત નોંધવી મહત્વપૂર્ણ છે. સંકેતકો સમાન ન પણ હોઈ શકે, જોકે વ્યાવસાયિકોએ ધ્યાન રાખવું જોઈએ કે છોકરીઓ પણ ગુનાહિત શોષણનું જોખમ ધરાવે છે. છોકરાઓ અને છોકરીઓ બંનેનું ગુનાહિત શોષણ થવાથી જાતીય શોષણનું જોખમ વધુ હોઈ શકે છે તે વાત નોંધવી મહત્વપૂર્ણ છે.

વ્યાખ્યાઓ અને સૂચકાંકો સહિત CCE વિશે વધુ માહિતી પરિશિષ્ટમાં શામેલ કરવામાં આવી છે.

### ચાઇલ્ડ સેક્સુઅલ એક્સપ્લોઇટેશન (બાળ જાતીય શોષણ) (CSE)

36. CSE એ બાળ જાતીય શોષણનું એક સ્વરૂપ છે. આ પ્રવૃત્તિઓમાં શારીરિક સંપર્ક જેમાં ભેદન (પેનેટ્રેશન) દ્વારા હુમલો (ઉદાહરણ તરીકે બળાત્કાર અથવા મૌખિક સંભોગ) અથવા હસ્તમૈથુન, ચુંબન, રબિંગ અને કપડાની બહાર સ્પર્શ જેવી સંબંધિત પ્રવૃત્તિઓ શામેલ હોઈ શકે છે. તેમાં બિન-સંપર્ક પ્રવૃત્તિઓ સામેલ હોઈ શકે છે, જેમ કે જાતીય છબીઓના નિર્માણમાં બાળકોને સામેલ કરવા, બાળકોને જાતીય જોવા અથવા જાતીય પ્રવૃત્તિઓ જોવા બળજબરી કરવી, બાળકોને જાતીય અયોગ્ય રીતે વર્તવા માટે પ્રોત્સાહિત કરવું અથવા ઇન્ટરનેટ મારફત દુરુપયોગ માટે બાળકને તૈયાર કરવું.

37. CSE સમય સાથે થઇ શકે છે અથવા એક-બે વારની ઘટના બની શકે છે, અને બાળકના તાત્કાલિક જ્ઞાન વગર થઇ શકે છે દા.ત. અન્ય લોકોના માધ્યમે સોશિયલ મીડિયા પર તેમની તસવીરો અથવા વીડિયો શેર કરે છે.

38. CSE કોઈપણ બાળકને પ્રભાવિત કરી શકે છે, કે જેને જાતીય પ્રવૃત્તિઓમાં સામેલ થવા માટે મજબૂર કરવામાં આવ્યું હોય. આમાં 16 અને 17 વર્ષના બાળકોનો સમાવેશ થાય છે જે કાયદેસર રીતે સેક્સ માટે સંમતિ આપી શકે છે. કેટલાક બાળકોને ખ્યાલ નહીં આવે કે તેમનું શોષણ થઈ રહ્યું છે દા.ત. તેઓ માને છે કે તેઓ સાચા રોમેન્ટિક સંબંધમાં છે.

39. વ્યાખ્યાઓ અને સૂચકાંકો સહિત CSE વિશે વધુ માહિતી પરિશિષ્ટમાં શામેલ કરવામાં આવી છે.

### સ્ત્રી જનનેન્દ્રિયો વિચ્છેદન (ફીમેલ જેનીટલ મ્યૂટિલેશન) (FGM)

40. જ્યારે મહિલા જનનેન્દ્રિય છેદન (FGM) અંગેની કોઈપણ ચિંતાઓ વિશે **તમામ** કર્મચારીઓએ નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) સાથે વાત કરવી જોઈએ, આ

**શિક્ષકોની વિશિષ્ટ કાયદેસરની** ફરજ છે.[7] જો શિક્ષક, વ્યવસાયમાં તેમના કાર્ય દરમિયાન, જાણે છે કે 18 વર્ષથી ઓછી ઉંમરની છોકરી પર FGM નું કૃત્ય કરવામાં આવ્યું છે, તો શિક્ષકે આની જાણ પોલીસને કરવી **અનિવાર્ય** છે. વધુ વિગતો માટે પરિશિષ્ટ જુઓ.

### માનસિક સ્વાસ્થ્ય

41. **બધા** કર્મચારીઓએ એ પણ ધ્યાન રાખવું જોઈએ કે માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ, કેટલાક કિસ્સાઓમાં, સૂચક હોઈ શકે છે કે કોઈ બાળક સહન કરે છે અથવા તેની સાથે અત્યાચાર, ઉપેક્ષા અથવા શોષણ થવાનું જોખમ હોય છે.

42. ફક્ત યોગ્ય તાલીમ પામેલા વ્યાવસાયિકોએ માનસિક સ્વાસ્થ્ય સમસ્યાનું નિદાન કરવાનો પ્રયાસ કરવો જોઈએ. જો કે, બાળકોમાં તેમની વર્તણુક પરથી તેમને માનસિક આરોગ્યની સમસ્યા જણાતી હોય કે તેનું જોખમ જણાતું હોય તેનું રોજબરોજનું ધ્યાન રાખવા કર્મચારીની નિયુક્તિ કરવામાં આવી છે.

43. બાળકો જ્યાં દુર્વ્યવહાર અને અવગણના અથવા અન્ય સંભવિત આઘાતજનક પ્રતિકૂળ બાળપણના અનુભવોનો ભોગ બન્યા હોય, ત્યાં આની સમગ્ર બાળપણ, કિશોરાવસ્થા અને વયસ્કતા પર કાયમી અસર પડી શકે છે. તે મહત્વનું છે કે કર્મચારીઓ તે વિશે જાગૃત થાય કે આ બાળકોના અનુભવો, તેમના માનસિક સ્વાસ્થ્ય, વર્તન અને શિક્ષણ પર કેવી અસર કરી શકે છે.

44. શાળાઓ અને કોલેજો વધારાની માનસિક આરોગ્ય સહાયની જરૂરિયાતવાળા બાળકોને ઓળખવામાં મદદ કરવા માટે સલાહની શ્રેણીનો ઉપયોગ કરી શકે છે, આમાં બાહ્ય એજન્સીઓ સાથે કામ કરવાનો સમાવેશ થાય છે. વધુ માહિતી mental health and behaviour in schools guidance (માનસિક સ્વાસ્થ્ય અને વર્તનમાં શાળાના માર્ગદર્શન)માં મળી શકે છે, અને કોલેજ પણ શ્રેષ્ઠ માર્ગદર્શન તરીકે આને અનુસરવાની ઈચ્છા કરી શકે છે. પબ્લિક હેલ્થ ઈંગ્લેન્ડ એ બાળકોમાં હકારાત્મક આરોગ્ય, સુખાકારી અને લવચીકતાને પ્રોત્સાહન આપવા માટે માધ્યમિક શાળાના શિક્ષકોને ટેકો આપવા માટે વિવિધ સંસાધનોનું ઉત્પાદન કર્યું છે. બધી સામગ્રી અને પાઠ યોજનાઓની લિંક માટે Rise Above (ઉપર જાઓ) જુઓ.

45. જો કર્મચારીઓને કોઈ બાળક વિશે માનસિક સ્વાસ્થ્યની ચિંતા હોય તો તે પણ એક સલામતીની ચિંતા છે અને તે સ્થિતિમાં તેમની બાળ સુરક્ષા નીતિને અનુસરીને અને સલામતી અધિકારી કે ડેપ્યુટી સાથે વાત કરીને તાત્કાલિક પગલાં લેવા જોઈએ.

[7] મહિલા જનનેન્દ્રિય છેદન અધિનિયમ 2003 ની કલમ 5B(11) (a) હેઠળ, "શિક્ષક" નો અર્થ છે, ઇંગ્લેન્ડના સંબંધમાં, શિક્ષણ અધિનિયમ 2002 ની કલમ 141A(1) ના અંતર્ગત એક વ્યક્તિ (ઇંગ્લેન્ડમાં શાળાઓ અને અન્ય સંસ્થાઓમાં શિક્ષણ કાર્ય હાથ ધરવા માટે નિયુક્ત કરાયેલી અથવા રોકાયેલી વ્યક્તિઓ).

### સહવિદ્યાર્થી દ્વારા સહવિદ્યાર્થી પર અત્યાચાર (ચાઇલ્ડ ઓન ચાઇલ્ડ)

46. **બધા** કર્મચારીઓએ ધ્યાન રાખવું જોઈએ કે બાળકો અન્ય બાળકો સાથેઅત્યાચાર કરી શકે છે (ઘણીવાર સહવિદ્યાર્થી દ્વારા સહવિદ્યાર્થી ના અત્યાચાર તરીકે ઓળખાય છે). અને તે સ્કૂલ કે કોલેજની અંદર અને બહાર બંને રીતે અને ઓનલાઇન પણ થઇ શકે છે. તે મહત્વનું છે કે તમામ સહવિદ્યાર્થી દ્વારા સહવિદ્યાર્થી પર અત્યાચારના સંકેતો અને ચિહ્નોને ઓળખે અને તેને કેવી રીતે ઓળખવું અને રિપોર્ટનો જવાબ આપવો તે જાણે.

47. બધા કર્મચારીઓએ સમજવું જોઈએ કે, જો તેમની શાળાઓ કે કોલેજોમાં કોઈ રિપોર્ટ ન હોય તો પણ તેનો અર્થ એ નથી કે તે થઈ રહ્યું નથી, તે કદાચ એવું હોઈ શકે કે તે માત્ર રિપોર્ટ આપવામાં આવતી નથી. આ રીતે તે મહત્વનું છે કે જો સહવિદ્યાર્થી દ્વારા સહવિદ્યાર્થી પર અત્યાચાર અંગે **કોઈ** ચિંતા હોય તો તેઓએ તેમના નિયુક્ત સલામતી રક્ષક (અથવા ડેપ્યુટી) સાથે વાત કરવી જોઈએ.

48. આ જરૂરી છે કે **તમામ** સહવિદ્યાર્થી વચ્ચે પડકારરૂપ અયોગ્ય વર્તનના મહત્વને સમજે, જેમાંથી ઘણા નીચે સૂચિબદ્ધ છે, જે વાસ્તવમાં અપમાનજનક છે. અમુક વર્તનને ઓછુ આંકવું, ઉદાહરણ તરીકે જાતીય સતામણીને "માત્ર મજાક ઉડાવવી", "માત્ર હસવું", "મોટા થવાનો હિસ્સો" અથવા "છોકરાઓ હોવાથી છોકરાઓ" તરીકે અસ્વીકાર્ય વર્તણૂકોની સંસ્કૃતિ, બાળકો માટે અસુરક્ષિત વાતાવરણનું કારણ બની શકે છે. સૌથી ખરાબ પરિસ્થિતિઓ એક એવી સંસ્કૃતિ જે દુરુપયોગને સામાન્ય બનાવે છે જેનાથી બાળકો તેને સામાન્ય તરીકે સ્વીકારે છે અને તેની જાણ કરવા આગળ આવતા નથી.

49. સહવિદ્યાર્થી દ્વારા સહવિદ્યાર્થી પર અત્યાચારમાં શામેલ થવાની સંભાવના સૌથી વધુ છે, પરંતુ આ સુધી મર્યાદિત ન પણ હોઈ શકે:

- ગુંડાગીરીમાં (બુલિઇંગ) (સાયબર ધમકી, પૂર્વગ્રહ આધારિત અને ભેદભાવયુક્ત ગુંડાગીરી (બુલિઇંગ) સહિત);
- સાથીદારો વચ્ચેના ઘનિષ્ઠ વ્યક્તિગત સંબંધોમાં દુરુપયોગ;
- શારિરીક અત્યાચાર જેવા કે મારવું, લાત મારવી, ઝંઝોડવું, બચકા ભરવા, વાળ ખેંચવા અથવા અન્યથા શારીરિક નુકસાન પહોંચાડવું; (આમાં ઓનલાઇન તત્વ શામેલ હોઈ શકે છે જે શારીરિક શોષણને સરળ બનાવે છે, ધમકી આપે છે અને/અથવા પ્રોત્સાહિત કરે છે);
- જાતીય હિંસા,[8] જેમ કે બળાત્કાર, છેદનથી હુમલો અને જાતીય હુમલો; (આમાં ઑનલાઇન તત્વ શામેલ હોઈ શકે છે જે શારીરિક શોષણને સરળ બનાવે છે, ધમકી આપે છે અને/અથવા પ્રોત્સાહિત કરે છે);

[8] જાતીય હિંસા વિશેની વધુ માહિતી માટે, પરિશિષ્ટ જુઓ.

- જાતીય સતામણી,[9]જેમ કે જાતીય ટીકાઓ, ટિપ્પણીઓ, ટુચકાઓ અને ઓનલાઇન જાતીય સતામણી, જે એકલ અથવા દુરુપયોગની વ્યાપક પદ્ધતિનો હિસ્સો હોઈ શકે છે;
- કોઈને સંમતિ વિના જાતીય પ્રવૃત્તિમાં સામેલ કરવા માટે, જેમ કે કોઈને કપડાં ઉતારવા, પોતાને જાતીય રીતે સ્પર્શ કરવા અથવા તૃતીય પક્ષ સાથે જાતીય પ્રવૃત્તિમાં જોડાવા માટે મજબૂર કરવું;
- c નગ્ન અને અર્ધ નગ્ન છબીઓ અને/અથવા વિડીયોઝ[10] (જેને સેક્સટીંગ અથવા યુવા નિર્મિત જાતીય છબી તરીકે પણ ઓળખાય છે) ની સંમતિથી અને બિન-સંમતિથી શેર કરવી;
- અપસ્કીર્ટિંગ,[11] જેમાં સામાન્ય રીતે કોઈ વ્યક્તિના કપડાંની અંદરથી તેની પરવાનગી વગર તસવીર લેવાનો સમાવેશ થાય છે, જાતીય પ્રસન્નતા મેળવવા માટે તેના ગુપ્તાંગ અથવા નિતંબને જોવાના હેતુથી, અથવા પીડિતને અપમાનિત કરવા, તકલીફ આપવાનું અથવા ભયનું કારણ બનવું; અને
- દીક્ષા/હેઝિંગ પ્રકારની હિંસા અને ધાર્મિક વિધિઓ (આમાં કોઈ વ્યક્તિને ગ્રૂપમાં દાખલ કરવાની રીત તરીકે ઉપયોગમાં લેવાતી સતામણી, દુરુપયોગ અથવા અપમાનને લગતી પ્રવૃત્તિઓ શામેલ હોઈ શકે છે અને તેમાં ઑનલાઈન તત્વ પણ શામેલ હોઈ શકે છે).

50. **તમામ** કર્મચારીઓએ શાળાની કે કોલેજની નીતિ અને કાર્યવાહી અંગે સ્પષ્ટ હોવું જોઈએ કે સહવિદ્યાર્થી પર સહવિદ્યાર્થી દ્વારા અત્યાચાર અને તેને રોકવામાં મહત્વની ભૂમિકા તેઓએ ભજવવાની છે અને જ્યાં તેઓ માને છે કે બાળકને તેનાથી જોખમ હોઈ શકે છે.

## ગંભીર હિંસા

51. **બધા** કર્મચારીને સૂચકાંકો વિશે વાકેફ હોવું જોઈએ, જે બાળકોને જોખમમાં હોવાનું અથવા ગંભીર હિંસક ગુનામાં સામેલ હોવાનો સંકેત આપી શકે છે. આમાં શાળાની ગેરહાજરી, મિત્રતામાં ફેરફાર અથવા વૃદ્ધ વ્યક્તિઓ અથવા જૂથો સાથેના સંબંધો, કામગીરીમાં નોંધપાત્ર ઘટાડો, સ્વ-નુકસાનના સંકેતો અથવા સુખાકારીમાં નોંધપાત્ર ફેરફાર, અથવા હુમલો અથવા અસ્પષ્ટ ઇજાઓના સંકેતો શામેલ હોઈ શકે છે. ન સમજાય તેવી ભેટો અથવા નવી સંપત્તિ એ પણ સૂચવી શકે છે કે બાળકોને ગુનાહિત નેટવર્ક અથવા ગેંગ સાથે સંકળાયેલા વ્યક્તિઓ દ્વારા સંપર્ક કરવામાં આવ્યો છે, અથવા તેમની સાથે સંકળાયેલા છે તે સૂચવી શકે છે અને તેમને ગુનાહિત શોષણનું જોખમ હોઈ શકે છે (ફકરા 33-35 જુઓ).

---

[9] જાતીય સતામણી વિશેની વધુ માહિતી માટે પરિશિષ્ટ જુઓ.

[10] UKCIS માર્ગદર્શન: Sharing nudes and semi-nudes advice for education settings (શિક્ષણ સેટિંગ્સ માટે નગ્ન અને અર્ધ નગ્ન સલાહ શેર કરવી)

Sharing nudes and semi-nudes advice for education settings (શિક્ષણ સેટિંગ્સ માટે નગ્ન અને અર્ધ નગ્ન સલાહ શેર કરવી)

[11] 'અપસ્કીર્ટિંગ' વિશેની વધુ માહિતી માટે પરિશિષ્ટ જુઓ.

52. **તમામ** કર્મચારીઓના જોખમી પરિબળોની સીમાથી વાકેફ હોવા જોઈએ જે ગંભીર હિંસામાં સામેલ થવાની સંભાવનાને વધારે છે, જેમ કે પુરુષ, વારંવાર ગેરહાજર રહે અથવા કાયમી ધોરણે શાળામાંથી બહાર રાખવું, બાળ દુર્વ્યવહારનો અનુભવ કરવો અને ચોરી, અથવા લૂંટ કરવી જેવા ગુનામાં સામેલ થવું. હોમ ઓફિસમાં Preventing youth violence and gang involvement (યુવા હિંસા અને ગેંગવોર અટકાવવા) અને તેમાં Criminal exploitation of children and vulnerable adults: county lines (બાળકો અને સંવેદનશીલ પુખ્ત લોકોનું ગુનાહિત શોષણ અટકાવવા: કાઉન્ટી લાઇન્સ) ગાઇડન્સ.[12]

## વિશેષ માહિતી અને સહાય

53. વિભાગીય સલાહ What to Do if You Are Worried a Child is Being Abused (જો તમે ચિંતા કરતા હોવ કે કોઈ બાળક સાથે અત્યાચાર થઇ રહ્યો છે તો શું કરવું) - Advice for Practitioners (પ્રેક્ટિશનર્સ માટે સલાહ) દુરૂપયોગ અને ઉપેક્ષાને સમજવા અને ઓળખવા વિશે વધુ માહિતી પ્રદાન કરે છે. સમગ્ર સલાહમાં અત્યાચાર અને ઉપેક્ષાના સંભવિત સૂચકાંકોના ઉદાહરણો પ્રકાશિત કરવામાં આવ્યા છે અને તે ખાસ કરીને શાળા અને કોલેજ કર્મચારીઓ માટે સહાયરૂપ થશે. NSPCC વેબસાઇટ, અત્યાચાર અને ઉપેક્ષા અને શેનું ધ્યાન રાખવું જોઈએ તે અંગે ઉપયોગી વધારાની માહિતી પ્રદાન કરે છે.

54. **પરિશિષ્ટ**માં અત્યાચારના ચોક્કસ સ્વરૂપો અને સુરક્ષા મુદ્દાઓ વિશે અગત્યની વધારાની માહિતી સામેલ હોય છે. શાળા અને કોલેજના અગ્રણીઓએ અને તે કર્મચારીઓ જે બાળકો સાથે સીધી રીતે કાર્ય કરે છે તેઓએ પરિશિષ્ટ વાંચવું જોઈએ.

# જો કોઈ બાળક વિશે તેમને ચિંતા હોય તો શાળા અને કોલેજ કર્મચારીઓએ શું કરવું જોઈએ

55. બાળકો સાથે કામ કરતા કર્મચારીઓને જ્યાં સુરક્ષાત્મક પગલાંનો પ્રશ્ન હોય ત્યાં **'અહીં થઈ શકે છે'**નું વલણ જાળવવાની સલાહ આપવામાં આવે છે. જ્યારે બાળકના કલ્યાણ વિશે ચિંતિત હોય, ત્યારે કર્મચારીઓએ હંમેશા બાળકના **શ્રેષ્ઠ** હિતોમાં કાર્ય કરવું જોઈએ.

56. જો બાળકના કલ્યાણ વિશે કર્મચારીઓને **કોઈપણ ચિંતા** હોય, તો તેઓએ **તરત** જ તેના પર કાર્ય કરવું જોઈએ. જ્યારે તેમને કોઈ બાળક વિશે ચિંતા હોય ત્યારે કર્મચારીઓ માટેની પ્રક્રિયાનું નિરૂપણ કરતા ફ્લોચાર્ટ માટે પાનું નંબર 23 જુઓ.

[12] કાઉન્ટી લાઇન્સ વિશેની વધુ માહિતી માટે પરિશિષ્ટ જુઓ.

57. જો કર્મચારીઓને કોઈ ચિંતા હોય, તો તેઓએ તેમના પોતાના સંગઠનની બાળ સંરક્ષણ નીતિનું પાલન કરવું જોઈએ અને નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) સાથે વાત કરવી જોઈએ.

58. ત્યાર પછી નિમ્ન વિકલ્પોનો સમાવેશ થાય છે:

- શાળાની અથવા કોલેજની પોતાની પેસ્ટોરલ સહાય પ્રક્રિયાઓ દ્વારા આંતરિક રૂપે બાળક માટે કોઈપણ સહાયનું સંચાલન કરવું;
- વહેલી મદદ આકારણી;[13] અથવા
- વૈધાનિક સેવાઓ માટેનું રેફરલ,[14] ઉદાહરણ તરીકે બાળકને મદદની જરૂર હોઈ શકે છે, જરૂર છે અથવા હાનિ થઈ રહી છે અથવા હાનિ થઈ શકે એમ હોય છે.

59. નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની અથવા ડેપ્યુટી સુરક્ષાત્મક પગલાંઓની ચર્ચા કરવા માટે હંમેશાં ઉપલબ્ધ હોવા જોઈએ. જો અપવાદાત્મક સંજોગોમાં નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) ઉપલબ્ધ ન હોય તો આને કારણે યોગ્ય પગલાં લેવામાં વિલંબ થવો જોઈએ નહીં. કર્મચારીઓએ વરિષ્ઠ નેતૃત્વ ટીમના સભ્ય સાથે વાત કરવા અને/અથવા સ્થાનિક બાળકોની સામાજિક સંભાળ પાસેથી સલાહ લેવા અંગે વિચારવું જોઈએ. આ સંજોગોમાં, કરવામાં આવેલી કોઈ પણ કાર્યવાહીને વ્યાવહારિકપણે શક્ય તેટલી જલ્દી નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) સાથે શેર કરવી જોઈએ.

60. કર્મચારીએ એવું ધારી ન લેવું જોઈએ કે કોઈ સહયોગી અથવા અન્ય વ્યવસાયિક પગલાં લેશે અને માહિતીને શેર કરવી જોઈએ જે બાળકોને રાખવા માટે નિર્ણાયક હોઈ શકે છે. તેઓએ ધ્યાન રાખવું જોઈએ કે અસરકારક ઓળખ,આકારણી અને યોગ્ય સેવા જોગવાઈની ફાળવણી, પછી ભલે સમસ્યાઓ પહેલી વાર આવતી હોય, અથવા જ્યાં બાળકને સ્થાનિક અધિકારી જે બાળકોની સામાજિક સંભાળમાં (જેમ કે બાળકની જરૂરિયાત અથવા રક્ષણ યોજના ધરાવતું બાળક) હોય તે

---

[13] વહેલી મદદની આકારણીઓ વિશેની વધુ માહિતી, વહેલી મદદ સેવાઓની જોગવાઈઓ અને સેવાઓની પહોંચ મેળવવી એ Working Together to Safeguard Children (બાળકોની સુરક્ષા માટે એક સાથે કામ કરવું)ના પ્રકરણ 1 માં છે.

[14] Working Together to Safeguard Children (બાળકોની સુરક્ષા માટે એકસાથે કામ કરવું) નું પ્રકરણ 1 નિર્ધારિત કરે છે કે સુરક્ષાત્મક ભાગીદારોએ પ્રવેશ (થ્રેશોલ્ડ) દસ્તાવેજ પ્રકાશિત કરવું જોઈએ જેમાં આકારણી અને વૈધાનિક સેવાઓ માટે ક્યારે કેસ, કલમ 17 અને 47 હેઠળ સ્થાનિક સત્તાધિકારી બાળકોની સામાજિક સંભાળને રીફર કરે તે માટે જરૂરિયાત સ્તર સહિતના માપદંડો સમાવિષ્ટ હોવા જોઈએ. સ્થાનિક સત્તાધિકારીઓએ, તેમના ભાગીદારો સાથે, આકારણીઓ માટે સ્થાનિક પ્રોટોકોલ વિકસાવવા અને પ્રકાશિત કરવા જોઈએ. સ્થાનિક સત્તાધિકારીઓની બાળકોની સામાજિક સંભાળમાં એક વાર સંદર્ભિત કરવામાં આવે તે પછી કેસ કેવી રીતે સંચાલિત કરવામાં આવશે તેની સ્પષ્ટ ગોઠવણ એક સ્થાનિક પ્રોટોકોલમાં સૂચિત હોવી જોઈએ.

પહેલેથી જ જાણતા હોય તેમને વહેલી માહિતી શેર કરવી મહત્વપૂર્ણ છે. Information Sharing (માહિતી શેર કરવી): Advice for Practitioners Providing Safeguarding Services to Children, Young People, Parents and Carers (બાળકો, યુવાન લોકો, માતા-પિતા અને સંભાળ રાખનારાઓને સુરક્ષાત્મક સેવાઓ પ્રદાન કરનારા પ્રેક્ટિશનર્સ માટે સલાહ) ,તેવા કર્મચારીઓને ટેકો આપે છે જેમણે માહિતી શેર કરવા વિશે નિર્ણય લેવાના હોય. આ સલાહ ડેટા પ્રોટેક્શન એક્ટ 2018 (DPA) અને UK જનરલ ડેટા પ્રોટેક્શન રેગ્યુલેશન (UK GDPR) અંગે માહિતી અને વિચારણાઓ શેર કરવા માટેના સાત સુવર્ણ નિયમોનો સમાવેશ કરે છે. DPA અને UK GDPR બાળકોને સુરક્ષિત રાખવા અને તેમના કલ્યાણને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી માહિતીને શેર કરવાથી રોકતા નથી. જો માહિતી શેર કરવા વિશે કોઈ શંકા હોય, તો કર્મચારીઓએ નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની અથવા ડેપ્યુટી સાથે વાત કરવી જોઈએ. માહિતી શેર કરવાનો ડર બાળકોના કલ્યાણને પ્રોત્સાહન આપવાની **જરૂરિયાતમાં અવરોધ ન** બને તે ધ્યાન રાખવું અનિવાર્ય છે.

## વહેલી મદદ

61. જો વહેલી મદદ યોગ્ય હોય, તો નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) યોગ્ય હોય તે મુજબ સામાન્ય રીતે અન્ય એજન્સીઓ સાથે સહકાર સ્થાપવા અને ઇન્ટર-એજન્સી આકારણીની સ્થાપના કરવા દોરાશે. વહેલી મદદ આકારણીમાં કર્મચારીઓને અન્ય એજન્સીઓ અને વ્યાવસાયિકોને આધાર પૂરો પાડવાની જરૂર પડી શકે છે, કેટલાક કિસ્સાઓમાં તેઓ મુખ્ય પ્રેક્ટિશનર તરીકે કાર્ય કરે છે. જો બાળકની પરિસ્થિતિમાં સુધારો ન થાય અથવા ખરાબ થઈ રહી હોય, તો વૈધાનિક સેવાઓ માટેની માટે બાળકોની સામાજિક સંભાળના રેફરલ આપવામાં આવતાં આ પ્રકારના કેસોને સતત સમીક્ષા અને વિચારણા હેઠળ રાખવા જોઈએ.

## વૈધાનિક બાળકોની સામાજિક સંભાળ આકારણીઓ અને સેવાઓ

62. બાળકના કલ્યાણ અંગેની ચિંતા સ્થાનિક સત્તા બાળકોની સામાજિક સંભાળને સંદર્ભિત કરવી જોઈએ. જ્યાં બાળક પીડાતું હોય અથવા હાનિથી પીડાય તેવી શક્યતા હોય, ત્યારે તે મહત્વપૂર્ણ છે કે બાળકોની સામાજિક સંભાળ (અને જો યોગ્ય હોય તો પોલીસ) નું રેફરલ તાત્કાલિક કરવામાં આવે. રેફરલ્સ એ સ્થાનિક રેફરલ પ્રક્રિયાને અનુસરવી જોઈએ.

63. બાળકોની સામાજિક સંભાળની આકારણીઓમાં આવા પરિબળોનો વિચાર કરવો જોઈએ, તેથી તે મહત્વપૂર્ણ છે કે બાળકોને ઘરની બહારના સંદર્ભમાં ક્યાં નુકસાન થાય છે, તેથી તે મહત્વનું છે કે રેફરલ પ્રક્રિયાના ભાગ રૂપે શક્ય એટલી વધુ માહિતી પ્રદાન કરે. આ કોઈપણ આકારણીને બધા ઉપલબ્ધ પુરાવા અને આવા નુકસાનને પહોંચી વળવા સંદર્ભિત અભિગમ સક્ષમ કરવા દેશે. વધારાની માહિતી અહીં ઉપલબ્ધ છે: Contextual Safeguarding (સંદર્ભિક સુરક્ષા).

64. ઑનલાઇન ટૂલ Report Child Abuse to Your Local Council (તમારી સ્થાનિક કાઉન્સિલને બાળ અત્યાચારની જાણ કરો) સંબંધિત સ્થાનિક બાળકોના સામાજિક સંભાળ સંપર્ક નંબર તરફ દોરે છે.

## જરૂરતમંદ બાળકો

65. બાળ અધિનિયમ 1989 હેઠળ, જરૂરતમંદ બાળકની વ્યાખ્યા એક બાળક જેના માટે સ્વાસ્થ્ય અથવા વિકાસના વાજબી સ્તરને પ્રાપ્ત કરવા અથવા જાળવવા શક્ય નથી અથવા સેવાઓની જોગવાઈ વિના જેનું સ્વાસ્થ્ય અથવા વિકાસ નોંધપાત્ર સ્તરે અથવા વધુ ખરાબ થવાનું સંભવ છે; અથવા એક બાળક જે અક્ષમ છે તે રીતે કરવામાં આવી છે. સ્થાનિક સત્તાધિકારીઓએ તેમના કલ્યાણની સુરક્ષા અને પ્રોત્સાહનના હેતુઓ માટે જરૂરતમંદ બાળકો માટે સેવાઓ પ્રદાન કરવાની જરૂર છે. બાળ અધિનિયમ 1989 ની કલમ 17 હેઠળ જરૂરિયાતમંદ બાળકોની આકારણી કરી શકાય છે.

## નોંધપાત્ર હાનિ સહન કરી રહેલા અથવા સહન કરવાની સંભાવના ધરાવતા બાળકો:

66. સ્થાનિક સંસ્થાઓની, યોગ્ય હોય તે રીતે અન્ય સંગઠનોની મદદથી, બાળ અધિનિયમ 1989ની કલમ 47 હેઠળ પૂછપરછ કરવાની ફરજ છે, જો તેમને તેવી સંભવતાની શંકા હોવાનું વાજબી કારણ હોય કે બાળક સહન કરી રહ્યું છે અથવા નોંધપાત્ર હાનિ સહન કરવી પડી શકે છે. આ પ્રકારની પૂછપરછ તેમને બાળકના કલ્યાણની સુરક્ષા અને પ્રોત્સાહન માટે કોઈપણ પગલાં લેવા જોઈએ કે કેમ તે નક્કી કરવામાં સક્ષમ કરે છે અને જ્યાં દુર્વ્યવહારની ચિંતા હોય ત્યાં તે શરૂ કરવી જોઈએ. બધા પ્રકારના અત્યાચાર અને ઉપેક્ષા, મહિલા જનનેન્દ્રિય  છેદન અથવા અન્ય તથાકથિત 'પ્રતિષ્ઠા' આધારિત હિંસા, બળજબરીથી લગ્ન અને કટ્ટરપંથી અને જાતીય શોષણ જેવા વધારાના પારિવારિક નુકસાનનો સમાવેશ થાય છે.

## સ્થાનિક સત્તાધિકારી શું કરશે?

67. રેફરલ બન્યાના એક કાર્ય દિવસની અંદર, સ્થાનિક સત્તાધિકારી સામાજિક કાર્યકરે રેફરરને રસીદ માન્ય કરવી જોઈએ અને આગામી પગલાં અને આવશ્યક પ્રતિસાદના પ્રકાર વિશે નિર્ણય લેવો જોઈએ. આમાં તે નિર્ધારિત કરવામાં આવશે કે શું:

- બાળકને તાત્કાલિક રક્ષણની આવશ્યકતા છે અને તાત્કાલિક કાર્યવાહી આવશ્યક છે;
- શું બાળક અને પરિવાર દ્વારા કોઈપણ સેવાઓની આવશ્યકતા છે અને કયા પ્રકારની સેવાઓ;
- બાળક જરૂરિયાતમંદ છે, અને બાળ અધિનિયમ 1989ની કલમ 17 હેઠળ આકારણી કરવી જોઈએ. વહેલી મદદ પ્રક્રિયા વિશેની વિગતવાર માહિતીWorking Together to Safeguard Children (બાળકોની સુરક્ષા માટે સાથે મળી કાર્ય કરવું) ના પ્રકરણ એક માં મળી શકે છે.

- તેવી સંભવતાની શંકા હોવાનું વાજબી કારણ છે કે બાળક સહન કરી રહ્યું છે અથવા નોંધપાત્ર હાનિ સહન કરવી પડી શકે એમ છે અને શું પૂછપરછ કરવી અને બાળ અધિનિયમ 1989ની કલમ 47 હેઠળ બાળકની આકરણી કરવી અનિવાર્ય છે. વહેલી મદદ પ્રક્રિયા વિશેની વિગતવાર માહિતીWorking Together to Safeguard Children (બાળકોની સુરક્ષા માટે સાથે મળી કામ કરવું) ના પ્રકરણ એક માં મળી શકે છે.
- સ્થાનિક અધિકારીઓને આગળ કઈ કાર્યવાહી કરવી તે નક્કી કરવામાં મદદ કરવા વધુ નિષ્ણાત આકારણીઓની આવશ્યકતા હોય છે

68. જો આ માહિતી બહાર ન આવે તો રેફરરે તેનું અનુવર્તન કરવું જોઈએ.

69. જો સામાજિક કાર્યકરો વૈધાનિક આકારણી હાથ ધરવાનું નક્કી કરે છે, તો કર્મચારીઓએ તે આકારણીને સમર્થન આપવા માટે જે કરી શકે તે બધું કરવું જોઈએ (જેમ જરૂરી હોય તે પ્રમાણે નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) દ્વારા સમર્થિત).

70. જો, રેફરલ પછી, બાળકની પરિસ્થિતિમાં સુધારો થતો હોવાનું દેખાય નહીં તો રેફરર દ્વારા સ્થાનિક એસ્કલેશન પ્રક્રિયાઓનું અનુસરણ કરવા અંગે વિચારવું જોઈએ જેથી તે સુનિશ્ચિત કરી શકાય કે તેમની ચિંતાઓનું નિરાકરણ કરવામાં આવ્યું છે અને સૌથી અગત્યપણે કે બાળકની સ્થિતિ સુધરે છે.

## રેકોર્ડ જાળવવો

71. **બધી** ચિંતાઓ, ચર્ચાઓ અને લેવામાં આવેલા નિર્ણય અને તે નિર્ણયો માટેના કારણો, લેખિતમાં નોંધાયેલા હોવા જોઈએ. માહિતી ગોપનીય રાખવી જોઈએ અને સુરક્ષિત રીતે સંગ્રહિત કરવી જોઈએ. દરેક બાળક માટે અલગ બાળ સુરક્ષા ફાઇલમાં ચિંતાઓ અને રેફરલ્સ રાખવા સારી પ્રથા છે.

રેકોર્ડમાં શામેલ હોવી જોઈએ:

- ચિંતાનો સ્પષ્ટ અને વ્યાપક સારાંશ;
- ચિંતા કેવી રીતે અનુસરવામાં આવી અને તેનું નિરાકરણ કરવામાં આવ્યું તેની વિગતો;
- લેવાયેલા કોઈપણ કાર્યવાહીની, પૂર્ણ કરેલ, નિર્ણયો અને પરિણામની નોંધ.

72. જો રેકોર્ડિંગ આવશ્યકતાઓ વિશે કોઈ શંકા હોય, તો કર્મચારીએ નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) સાથે ચર્ચા કરવી જોઈએ.

## આ બધું શા માટે મહત્વનું છે?

73. સંરક્ષણના જોખમોને દૂર કરવા, વધતા જતા મુદ્દાઓને રોકવા અને બાળકોના કલ્યાણને પ્રોત્સાહન આપવા માટે યોગ્ય સમયે યોગ્ય મદદ પ્રાપ્ત કરવી એ બાળકો માટે મહત્વપૂર્ણ છે.

સંશોધન અને ગંભીર કેસની સમીક્ષાઓએ અસરકારક પગલાં લેવામાં નિષ્ફળ જવાના જોખમો વારંવાર દર્શાવ્યા છે.[15] વૈધાનિક આકારણીઓ વિશેની વિગતવાર માહિતી Working Together to Safeguard Children (બાળ સુરક્ષા માટે સાથે મળી કામ્ય કરવું)પ્રકરણ ચાર માં મળી શકે છે. નબળી પ્રેક્ટિસના ઉદાહરણોમાં શામેલ છે:

- અત્યાચાર અને ઉપેક્ષાના પ્રારંભિક સંકેતો પર કાર્યવાહી કરવામાં અને તેમને સંદર્ભિત કરવામાં નિષ્ફળતા;
- રેકોર્ડની નબળી જાળવણી;
- બાળકના વિચારો સાંભળવામાં નિષ્ફળતા;
- પરિસ્થિતિઓમાં જયારે સુધારો થાય નહીં ત્યારે ચિંતાઓની પુનઃઆકારણી કરવામાં નિષ્ફળતા;
- એજન્સીઓની અંદર અને યોગ્ય લોકો સાથે માહિતી શેર ન કરવી;
- માહિતીને ધીરે ધીરે શેર કરવી; અને
- જેઓ પગલાં લેતા ન જોવામાં આવી રહ્યા હોય તેમની સામે પડકારનો અભાવ.

## જો કોઈ બાળક વિશે તેમને ચિંતા હોય તો શાળા અને કોલેજ કર્મચારીઓએ શું કરવું જોઈએ

74. કર્મચારીઓ (સપ્લાય સ્ટાફ, સ્વયંસેવકો અને કોન્ટ્રાક્ટર્સ સહિત) વિશેની કોઈ પણ સુરક્ષાની ચિંતાનું સંચાલન કરવા માટે શાળાઓ અને કોલેજોમાં કાર્યવાહીઓ અને પ્રક્રિયાઓ હોવી જોઈએ. જો કર્મચારીઓને સુરક્ષાની ચિંતા હોય, અથવા કર્મચારીઓના અન્ય સભ્ય (સપ્લાય સ્ટાફ અને સ્વયંસેવકો સહિત) ઉપર બાળકોને નુકસાન પહોંચાડવાના જોખમનો આરોપ હોય તો:

- આ મુખ્ય શિક્ષક અથવા આચાર્યને સંદર્ભિત કરવું જોઈએ;
- જ્યાં મુખ્ય શિક્ષક અથવા આચાર્ય વિશેની ચિંતાઓ/આક્ષેપો છે, તે ગવર્નર/ અધ્યક્ષને, મેનેજમેન્ટ કમિટીના અધ્યક્ષ અથવા સ્વતંત્ર શાળાના માલિકને સંદર્ભિત કરવા જોઈએ; અને
- મુખ્ય શિક્ષક વિશે ચિંતા/આક્ષેપોના સંજોગોમાં, જ્યાં મુખ્ય શિક્ષક એક સ્વતંત્ર શાળાના એકમાત્ર માલિક પણ હોય, અથવા એવી પરિસ્થિતિ કે જ્યાં મુખ્ય શિક્ષકને આ બાબતની જાણ કરવામાં હિતની અથડામણ હોય, તો આની સીધી જાણ સ્થાનિક સત્તા નિયુક્ત અધિકારી

[15] ગંભીર કેસ સમીક્ષાઓનું વિશ્લેષણ gov.uk/government/publications/analysis-of-serious-case-reviews-2014-to-2017 પર મળી શકે છે.

(ઓ) (LADOs)ને કરવી જોઈએ. તમારા સ્થાનિક LADOની વિગતો તમારી સ્થાનિક સત્તાધિકારીની વેબસાઇટ પર સરળતાથી ઉપલબ્ધ હોવી જોઈએ.

વધુ વિગતો આ માર્ગદર્શનના ભાગ ચારમાં મળી શકે છે.

## શાળા અથવા કોલેજની અંદર જો સુરક્ષાત્મક પગલાં સંબંધિત વ્યવહારો અંગે ચિંતા હોય તો શાળા અથવા કોલેજ કર્મચારીઓ શું કરવું જોઈએ

75. બધા કર્મચારીઓ અને સ્વયંસેવકોએ નબળા અથવા વ્યવહાર અંગે અને શાળા અથવા કોલેજની સુરક્ષાત્મક વ્યવસ્થામાં સંભવિત નિષ્ફળતા વિશે ચિંતા વ્યક્ત કરવા સક્ષમ અનુભવવું જોઈએ અને તેમને તે જાણ હોવી જોઈએ આવી ચિંતાઓને વરિષ્ઠ નેતૃત્વ ટીમ દ્વારા ગંભીરતાથી લેવામાં આવશે.

76. શાળા અથવા કોલેજની વરિષ્ઠ નેતૃત્વ ટીમ સામે આવી ચિંતાઓ રજૂ કરી શકવા માટે યોગ્ય વ્હિસલબ્લોઇંગ (ચેતવણી) પ્રક્રિયાઓની રચના કરેલી હોવી જોઈએ.

77. જ્યાં કોઈ કર્મચારી સભ્ય તેમના નિયોક્તા સામે કોઈ સમસ્યા વ્યક્ત કરવામાં અસમર્થતા અનુભવે, અથવા એવું લાગે કે તેમની વાસ્તવિક ચિંતાઓને સંબોધવામાં નથી આવી રહી તો તેમના માટે અન્ય વ્હિસલબ્લોઇંગ ચેનલો ખુલ્લી હોઈ શકે છે:

- વ્હિસલબ્લોઇંગ પર સામાન્ય માર્ગદર્શન આના દ્વારા શોધી શકાય છે: Advice on Whistleblowing (વ્હિસલબ્લોઇંગ પર સલાહ).
- તેવા કર્મચારીઓ જેઓ બાળ સુરક્ષા સંબંધિત નિષ્ફળતાઓને લગતી ચિંતાઓ આંતરિક રીતે વ્યક્ત કરવા સક્ષમ ન અનુભવે અથવા તેમની શાળા અથવા કોલેજ દ્વારા જે રીતે કોઈ ચિંતાને હાથ ધરવામાં આવી રહી છે તે અંગે ચિંતાઓ હોય તો તેમના માટે NSPCC's what you can do to report abuse dedicated helpline (NSPCCની ગેરવર્તનનો રિપોર્ટ કરવા સમર્પિત હેલ્પલાઈન પર તમે શું કરી શકો) એક વૈકલ્પિક માર્ગ તરીકે ઉપલબ્ધ છે. કર્મચારીઓ 0800 028 0285 પર કૉલ કરી શકે છે - લાઇન સોમવારથી શુક્રવાર સુધી સવારે 8:00 થી સાંજે 8:00 સુધી ઉપલબ્ધ છે અને ઇમેઇલ: help@nspcc.org.uk.[16]

[16] વૈકલ્પિક રીતે, કર્મચારીઓ નીચેના સરનામે લખી શકે છે: નેશનલ સોસાયટી ફોર ધ પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ ચિલ્ડ્રન (NSPCC), વેસ્ટન હાઉસ, 42 કર્ટેન, રોડ, લંડન EC2A 3NH.

# કાર્યવાહીઓ જ્યાં કોઈ બાળક વિશે ચિંતા હોય છે




[1] એવા કિસ્સાઓ જેમાં કર્મચારી સભ્ય વિરુદ્ધ કોઈ ચિંતા અથવા અત્યાચારના આરોપોનો પણ સમાવેશ થાય છે, આ માર્ગદર્શનનો ભાગ ચાર જુઓ.

[2] વહેલી મદદ એટલે બાળકના જીવનમાં કોઈપણ સમયે જ્યારે સમસ્યા ઊભી થાય ત્યારે બને તેટલી વહેલી સહાય પૂરી પાડવી. જ્યાં બાળકને સમન્વયિત વહેલી મદદથી લાભ થશે, ત્યાં ઇન્ટર-એજન્સી આકારણીની ગોઠવણ કરવી જોઈએ. વહેલી મદદ પ્રક્રિયા વિશેની વિગતવાર માહિતીWorking Together to Safeguard Children (બાળકોની સુરક્ષા માટે સાથે મળી કામ્ય કરવું) ના પ્રકરણ એક માં મળી શકે છે.



Find this document and other translations of Part 1 and Annex A of
Keeping Children Safe in Education In 12 community languages at kcsietranslate.lgfl.net

[3] રેફરલ્સ દ્વારા સ્થાનિક પ્રવેશ (થ્રેશોલ્ડ) દસ્તાવેજ અને આકારણી માટેના સ્થાનિક પ્રોટોકોલમાં સેટ કરેલ પ્રક્રિયાને અનુસરવી જોઈએ. Working Together to Safeguard Children (બાળકોની સુરક્ષા માટે સાથે મળી કામ કરવું)ના પ્રકરણ એક.
[4] બાળ અધિનિયન 1989 હેઠળ, સ્થાનિક સત્તાધિકારીઓએ તેમના કલ્યાણ માટે સુરક્ષાત્મક પગલાં અને પ્રોત્સાહનના હેતુઓ માટે જરૂરતમંદ બાળકોને સેવાઓ પૂરી પાડવી આવશ્યક છે. બાળ અધિનિયમ 1989 ની કલમ 17 હેઠળ જરૂરિયાતમંદ બાળકોની આકારણી કરી શકાય છે. બાળ અધિનિયમ 1989 હેઠળની કલમ 47 હેઠળ, જ્યાં સ્થાનિક સત્તાધિકારીઓને શંકા હોવાનું વાજબી કારણ છે કે બાળક સહન કરી રહ્યું છે છે અથવા નોંધપાત્ર હાનિ સહન કરવી પડી શકે એમ છે તો બાળકના કલ્યાણ માટે સુરક્ષાત્મક પગલાં લેવા અથવા તેને પ્રોત્સાહન આપવા માટે પગલાં લેવા જોઈએ કે નહીં તે નક્કી કરવા માટે ફરિયાદ કરવી ફરજિયાત છે. સંપૂર્ણ વિગતો Working Together to Safeguard Children (બાળકોની સુરક્ષા માટે સાથે મળી કામ કરવું)ના પ્રકરણ એક માં મળી શકે છે.
[5] આમાં ઇમરજન્સી પ્રોટેક્શન ઓર્ડર (EPO) માટે અરજીનો સમાવેશ થઈ શકે છે.